# વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર (વન વિભાગ)નાં કાર્ય વિસ્તારમાં આવેલ રેંજો/વિભાગીય કચેરી અને સમગ્ર ગુજરાત રાજ્યના ક્ષેત્રિય પ્રવાસ માટે તેમજ રાજયમાં અન્ય સરકારી કામગીરીના અવર જવર માટે વાહનની સુવિધા પૂરી પાડવા અંગેની શરતો તથા બોલીઓ

આથી રસ ધરાવતા ઇજારદાર/ટ્રાન્સપોર્ટ પાસેથી વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપારના કાર્યક્ષેત્ર/વિસ્તારમાં આવેલ રેંજો/વિભાગીય કચેરી અને સમગ્ર ગુજરાત રાજ્યના ક્ષેત્રિય પ્રવાસ માટે તેમજ રાજયમાં અન્ય સરકારી કામગીરીના અવર જવર માટે વાહન સુવિધા પૂરી પાડવા અંગે જરૂરિયાત છે. જેથી વાહનો ભાડે રાખવાનાં ટેન્ડર ર.જી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ થી વાહન માલિકો પાસેથી તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ ૧૭:૦૦ મળે તે રીતે મંગાવવામાં આવે છે.

## ૨૫૦૦ કિમી સુધીના વપરાશ માટે દર મહિને માસિક ભાડું (ડ્રાઈવર અને ડીઝલની સુવિધા વગર)

### પત્રક-૧

| અ. ન. | અધિકારીશ્રીનો હોદ્દો | વાહનનો પ્રકાર | કલર | વાહનની સંખ્યા | પાર્સિંગ વર્ષ | ૨૫૦૦ કિમી સુધીના વપરાશ માટે દર મહિને માસિક ભાડું (ડ્રાઈવર અને ડીઝલની સુવિધા વગર) | ૨૫૦૦ કિમી પછી પ્રતિ કિલોમીટર ચાર્જ (ડ્રાઈવર અને ડીઝલની સુવિધા વગર) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રે.ફો. ઓ. શ્રી. વ.વિ.તા.કે. કાકરાપાર | Mahindra Bolero NeoN10(O) (White color) | સફેદ | ૧ | | | |
| ૨ | રે.ફો. ઓ. શ્રી. વ.ર.તા.કે. ડુંગરડા | Mahindra Bolero NeoN10(O) (White color) | સફેદ | ૧ | | | |

## જરુરીયાત મુજબ પ્રતિ કિલોમીટર દર પ્રમાણે ભાડું (ડ્રાઈવર, ડીઝલ અને ટોલટેક્ષ સહિતની અન્ય સુવિધા સાથે)

### પત્રક-૨

| અ.ન. | તાલીમાર્થીઓ તથા મેસનું સામાના વાહતુક માટે વાહનો | વાહનનો પ્રકાર | વાહનની સંખ્યા | પાર્સિંગ વર્ષ | જરુરીયાત મુજબ પ્રતિ કિલોમીટર દર પ્રમાણે ભાડું (ડ્રાઈવર, ડીઝલ અને ટોલટેક્ષ સહિતની અન્ય સુવિધા સાથે) |
|---|---|---|---|---|---|
| ૧ | મેસ (રસોડા) નું સામાન વાહતુક માટે | મીની ટેમ્પો, પીક-અપ, વાહન | ૧ | | |
| ૨ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | બસ ૨૦ શીટર વાહન | ૧ | | |
| 3 | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | ૭ શીટર વાહન | ૧ | | |
| ૪ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | બસ 30 શીટર વાહન | ૧ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | બસ ૪૦ શીટર વાહન | ૧ | | |
| ૬ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | ૧૦ શીટર વાહન | ૧ | | |
| ૭ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | બસ ૫૦ શીટર વાહન | ૧ | | |
| ૮ | તાલીમાર્થીઓના ક્ષેત્રિય પ્રવાસ માટે | ૧૫ શીટર વાહન | ૧ | | |
| ૯ | અન્ય કામગીરી માટે | બસ ૫૫ શીટર વાહન | ૧ | | |

શરતો :-

- પત્રક-૧ મુજબ ટેન્ડરમાં દર્શાવેલ જથ્થા મુજબ એક વાહનનું માસીક ભાડું અને જે ૧૨(બાર) મહિનાનું ડિઝલ અને ડ્રાઈવરની સુવિધા વગરનો ભાવ આપવાનો રહેશે.

  પત્રક-૨ મુજબ ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાં મુજબ ચાર/ છ પૈડા વાળા એક વાહનનું ભાડું અત્રેની જરુરીયાત મુજબ પ્રતિ કિલો મીટરના દર પ્રમાણે ભાડું ડ્રાઈવર, ડીઝલ અને ટોલટેક્ષ સહિતની અન્ય સુવિધા સાથેના ભાવો આપવાના રહેશે.

  **પત્રક-૨ મુજબના ચાર/ છ પૈડા વાળા વાહનો હંકારનારાઓના લાઇસન્સ, પી.યુ.સી., વીમા, પરમીટ તાજા કરાવેલા હોવા જોઇશે અને તેની નકલો પ્રમાણિત કરેલી જોડવાની રહેશે.**

  ભાવ આપનારે પોતાનું નામ, સરનામું, પેઢીનું નામ, સંપર્ક નંબર, ઇ-મેલ આઈડી, જી.એસ.ટી. નંબર પાન નંબરની તમામ વિગત સુવાચ્ય અક્ષરે આપવાની રહેશે. તેમજ ભાગીદાર હોય તો રજીસ્ટર્ડ મુખત્યારનામાની નકલ પ્રમાણિત કરેલી જોડવાની રહેશે.

  જરૂરીયાત મુજબની સેવા મળ્યા બાદ જે તે ઇજારદારની ખરાપણાની ડીપોઝીટ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

- જો ઇજારદાર વાહનની સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો આ અંગે સરકારશ્રીને થતું કોઇપણ નુકશાન બંધનકર્તા ઇજારદાર પાસેથી સીધી રીતે વસુલાત કરવામાં નહી આવે, તો આ નુકશાન જમીન મહેસુલની બાકી તરીકે તેમની પાસેથી અથવા તેમના વાલી વારસો પાસેથી વસુલ કરવા કાર્યવાહી કરવામાં આવશે. અને જો તેમ કરવામાં સરકારશ્રીને કોઇ ફાયદો થશે તો ઇજારદાર કે તેના વાલી વારસોનો કોઇ હક્ક રહેશે નહી.
- વાહન આર.ટી.ઓ.ના ધારા-ધોરણ પ્રમાણે સંપૂર્ણ ફીટ હોવું જોઇએ, આર.ટી.ઓ.ના ધારા-ધોરણ તેમજ તેના નિયમો સંદર્ભે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી ઇજારદારશ્રીની રહેશે.

- સેવા પ્રદાતા પાસે RTO અને અન્ય વૈધાનિક સંસ્થા દ્વારા ઠરાવવામાં આવેલ સર્ટિફિકેટ, RC, ફીટનેશ સર્ટિફિકેટ, PUC, પરમિટ અને રહેવાસીઓ અને થર્ડ પાર્ટીને આવરી લેતો ફૂલ કોમ્પ્રેહેંસીવ ઇન્સ્યુરન્સ હોવુ જોઈએ. જે સમય મર્યાદા પૂરી થતાં કરાર દરમ્યાન પુનઃ પ્રમાણિત કરાવવાના રહેશે.
- વાહન આપ્યા બાદ કોઇ ગેરરીતિ થયાનું કે યોગ્ય સ્પેસિફિકેશન મુજબનું ન હોવાનું માલુમ પડશે તો બાકી રહેલ સમયગાળા દરમ્યાનનો હુકમ રદ કરી સરકારશ્રી સાથે છેતરપીંડી અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, અને બાકી રહેતા સમય ગાળા દરમ્યાન ભાડે વાહન અંગેની કાર્યવાહી તેમના ખર્ચે અને જોખમે કરવામાં આવશે. તથા તેઓએ જમાં કરાવેલ ખરાપણાની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
- ભાડે વાહનની સુવિધા પૂરી પાડવામાં આવેલ વાહનના માસિક ચૂકવાણાની રકમ ઉપર નિયમોનુસાર ઇન્કમટેક્ષ, સરચાર્જ તેમજ અન્ય વેરા વસુલ કરવામાં આવશે. જી.એસ.ટી. વિભાગમાં ટેક્ષ ભરવાની તમામ જવાબદારી જે તે ઇજારદારની રહેશે. તેમજ ઇજારદાર, પેઢી કે વ્યકિતગત સંસ્થાનો જી.એસ.ટી.નો કાયમી નંબર મેળવેલ હોવો જોઇએ. અન્યથા ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.
- ભાડે વાહનની સુવિધા પૂરી પાડવામાં ક્ષતિ અથવા ગેરરિતી માટે સંપુર્ણ જવાબદારી જે તે ઇજારદાર/પેઢી/સંસ્થાની રહેશે. આ બાબતે આડકતરી રીતે કે સીધી રીતે સરકારશ્રીને કોઇ નુકશાની થશે તો તેમના માસિક ચૂકવાણાના બીલની રકમ માંથી નુકશાનીની રકમ ભરપાઈ કરવામાં આવશે.
- **નાયબ વન સંરક્ષકશ્રી, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર (વન વિભાગ)** તરફથી સૂચના આપવામાં આવે તે મુજબની કામગીરી કરવાની રહેશે.
- ઇજારદાર/પેઢી/વ્યક્તિ તરફથી મળેલ શરતી ટેન્ડર કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.
- ઇજારદાર/પેઢી/વ્યક્તિ વાહનની સુવિધા પૂરી પાડયા બાદ હેરફેર દરમ્યાન નુકશાન થશે, તો તે નુકશાન જે તે ઇજારદાર/પેઢીએ ભોગવવાનું રહેશે.
- બીડ ખોલ્યા બાદ ભાવો અંગે અત્રેની કચેરીથી તેઓને બોલાવવામાં આવે ત્યારે **નાયબ વન સંરક્ષકશ્રી, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર (વન વિભાગ)** ની કચેરીએ રૂબરૂ આવવાનું રહેશે. બીડ મંજુર થયેથી ઇજારદારે ઉપરોક્ત જણાવ્યા મુજબની શરતો પ્રમાણેનું સક્ષમ અધિકારીશ્રી સમક્ષ કરેલ સોગંદનામું રજુ કરવાનું રહેશે. તેમજ આ કરાર તેઓને બંધનકર્તા રહેશે. આ કરાર અંતર્ગત તેઓ દ્વારા વાહનની સુવિધા પૂરી પાડવામાં કોઇપણ જાતની શરતચુકથી કે ગણતરીમાં ભુલચુકના કારણે અથવા કરારમાં કોઇ પણ કારણોસર ખોટ કે નુકશાન જવાના કારણે કરવામાં આવેલ કરાર રદબાતલ કરવામાં આવશે નહી.
- ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલ, નૈતિક અધ:પતનના ગુના સંબંધમાં શિક્ષા પામેલ,બ્લેક લીસ્ટ થયેલા, હોય તેવા ઇસમોને આ ઇજારાની હરીફાઇ માંથી રદ કરવામાં આવશે. આ ઉપરાંત ઇજારો મંજુર થયા પછી પણ જો આવી કોઇ બાબતો નીચે સહી કરનારના ધ્યાન ઉપર આવશે તો તેવા ઇજારદારના નામે ઇજારો મંજુર થયેલ હશે તો પણ આ ઇજારો રદ કરવામાં આવશે અને ઇજારદાર દ્વારા ભરપાઇ કરેલ ડીપોઝીટની રકમ સરકાર હસ્તક લેવામાં આવશે.

- ઇજારદાર/પેઢી/વ્યક્તિ દ્વારા તમામ બાબતોને ધ્યાનમાં રાખી ભાવ આપેલ છે તેમ માની લેવામાં આવશે. એકવાર બીડ મંજુર થયા પછી કોઇપણ પ્રકારની ઇજારદાર/પેઢી/વ્યક્તિની દાદ ફરીયાદ અત્રેથી સાંભળવામાં આવશે નહીં.
- વાહન સુવિધા પૂરી પાડવા બાબતે શરતો/બોલીઓના અમલમાં કોઇપણ પ્રકારનો વિવાદ ચાલશે નહી. અને વિવાદ ઉપસ્થિત થશે તો **નાયબ વન સંરક્ષકશ્રી, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર** (વન વિભાગ) નો નિર્ણય પાર્ટીને બંધનકર્તા રહેશે.
- જો જણાવેલ સમય મર્યાદામાં અને શરતો/બોલીઓ મુજબ વાહન સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ જશે તો તેમનું મંજુર થયેલ બીડ રદ કરવામાં આવશે. અને તેઓની ડીપોઝીટ અત્રેથી જપ્ત કરવામાં આવશે. અને તે પછીના ઉપરના ભાવ ધરાવતી પાર્ટી પાસેથી વાહન સુવિધા મેળવવામાં આવશે. તેમ કરતાં જે તફાવતની વધુ ચુકવવાની થતી રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે. અથવા સરખા ભાવો પાર્ટી પાસેથી વાહન સુવિધા મેળવવામાં આવશે.
- નિયમોનુસાર ઇન્કમટેક્ષ તથા જી.એસ.ટી. પર નિયમોનુસાર ટી.ડી.એસ. વસુલ કરવામાં આવશે.

- બીડર દ્વારા બીડમાં જણાવેલ યુનિટ મુજબના જથ્થાના ભાવો બીડમાં ઓફર કરવાના રહેશે.
- **ટેન્ડર ફી**

બિડની સાથે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંન્કનો ડીમાંડ ડ્રાફ્ટ રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાચસો પૂરા) **“નાયબ વન સંરક્ષક, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર”**ના નામનો રજૂ કરવાનો રહેશે. જે નોન રિફંડેબલ રહેશે. ટેન્ડર ફી વગરની બીડનો અસ્વીકાર કરવામાં આવશે.

**અર્નેસ્ટ મની ડીપોઝિટ**

રૂ/. 30,000/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) **“નાયબ વન સંરક્ષક, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર”** નાં નામનો રિફંડ પાત્ર બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ અરજી સાથે ફરજિયાત રજૂ કરવાનો રહેશે. EMD એક મહિનો અથવા જ્યાં સુધી ટેન્ડર પ્રક્રિયા ચાલુ રહે આમ બંને માથી જે ઓછુ હોય ત્યાં સુધી જાળવી રાખવામા આવશે. અર્નેસ્ટ મની વગરની બિડ ટૂંકમાં નકારવામાં આવશે.

**સ્થળ :નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર**

**મુ. કાકરાપાર(વાંકલા)કાકરાપાર(વાંકલા), પો. અણુમાલા, તા. માંડવી, જિ.સુરત-૩૯૪૬૫૧**

- પાનકાર્ડ, આધારકાર્ડતેમજ જી.એસ.ટી.રજીસ્ટ્રેશનની નકલ.

- બીડર દ્વારા ચૂકવાણા માટે રજૂ કરેલ બીલ પર સરકારશ્રીના નિયમોનુસાર ચૂકવવા પાત્ર રકમ માથી

TDS અને GST કપાત કરવામાં આવશે. જે બીડરને બંધનકરતાં રહેશે.

- બીડમાં જણાવેલ શરતો અને બોલીઓની લેખિતમાં બાહેધરી આપવાની રહેશે .તથા તમામ દસ્તાવેજો સહી-સીક્કા કરી સ્કેનકોપી બીડમાં અપલોડ કરવાની રહેશે.

- બીડમાં જણાવેલ આઇટમના જથ્થાનો વધારો કે ઘટાડો થાય તો તે મુજબનો થયેલ **L-1** પાર્ટી/બીડરના લગત કમિટી દ્વારા મંજૂર થયેલ ભાવો મુજબ આખા વર્ષ દરમિયાન પૂરો પાડવાનો રહેશે તથા જે વાહનની સુવિધા પૂરી પાડેલ હશે તે જ વાહનનું બીલ રજૂ કરવાનું રહેશે.

- ઇજારદાર/પેઢી/વ્યક્તિ દ્વારા આપેલ ભાવો મંજૂર કે નામજૂર કરવા અંગેની તમામ સત્તા લગત આંતરીક સમિતિને અબાધિત રહેશે તેમની મંજૂરી કે નામંજૂરી અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

- બીડની ટેકનીકલ તથા ફાયનાંસીયલ સ્કૃટીનીમાં વહીવટી કારણોસર નિર્ણય લેવામા મોડું થાય અથવા ભાવોમાં વધઘટ થાય તો પણ બીડમાં ઓફર કરેલ ભાવો મુજબ વાહન સેવા પૂરી પાડવા સફળ થનાર બીડર બંધનકર્તા રહેશે.

- સદર બીડના મંજૂર થયેલ ભાવો કોન્ટ્રાક્ટ તારીખથી એક વર્ષ માટે માન્ય રહેશે. તથા આવશ્યક જણાયેથી સદર કરારની મુદત યથાવત કરારની શરતો મુજબ ખરીદ્દકર્તા કચેરીના વડા અને **L-1** જાહેર થયેલ બિડરની પરસ્પર સંમતિથી પુનઃ ખરીદ પ્રક્રિયા ન કરવામાં આવે ત્યાં સુધી (બે માંથી જે વધુ હોય તે) માન્ય ગણાશે.

- ભાવો મંજૂર થયા પહેલા/બાદ મતભેદ-વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં લગત આંતરીક સમિતિનો નિર્ણય આખરી ગણાશે જે સંબધિતને બંધનકર્તા રહેશે.

- બીડમાં ભાગ લેનાર બીડર પાસે વાહનનો ગુજરાત રાજયનો **RC** નંબર હોવો જોઈએ. તથા તે અંગેના આધાર પુરાવા બીડમાં રજૂ કરવાના રહેશે.

- બીડર બેન્ક કરપ્ટ કે અન્ય વિભાગ/ખાતા દ્વારા બ્લેકલિસ્ટ થયેલ નથી જે અંગેની બાહેધરી બીડમાં કરવાના રહેશે.

- બીડ સાથે રજૂ કરેલ દસ્તાવેજો જો કચેરી ઓરિજિનલ સાધનિક કાગળો ચકાસણી અર્થે માગે તો તે ઇજારદારે રજૂ કરવાના રહેશે.

- ઇજારદાર/પેઢી/વ્યક્તિ દ્વારા વાહનની સુવિધા પૂરી પાડવામાં આવે તે દરમ્યાન જંગલમાં રાત્રી કે દિવસ

દરમ્યાન વાહનને નુકશાન(અકસ્માત) થશે તેની તમામ જવાબદારી જે તે બીડરે ચૂકવવાની રહેશે.

- ગ્રાંટની ઉપલબ્ધતાને આધારે સેવા પ્રદાતાને ચુકવણી કરવામાં આવશે.
- ઉપરોકત તમામ શરતો બાબતે આંતરીક સમિતિનો નિર્ણય આખરી ગણાશે અને બંધન કર્તા રહેશે.
- **નાયબ વન સંરક્ષકશ્રી, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર (વન વિભાગ)** ને ટેન્ડર રદ કરવાની તથા સ્થગિત કરવાની સંપૂર્ણ સત્તા રહેશે. જે બીડરને બંધનકર્તા રહેશે.
- **આ ટેન્ડર તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ સમય ૧૨.૦૦ કલાકે નાયબ વન સંરક્ષકશ્રીના અધ્યક્ષસ્થાને કમિટી સમક્ષ ખોલવામાં આવશે.** અને ઉકત શરત સિવાયના શરતી ટેન્ડર/ભાવપત્રક મંજૂર કરવામાં આવશે નહી.
- ઉપર જણાવેલ તમામ શરતો મેં/અમોએ વાંચી છે તે તમામ મને/અમોને કબુલ મંજુર છે તે બદલ આ નીચે મે/અમોએ સહી કરેલ.

સ્થળ-:

તારીખ-:

૧) ......................................................

અધિકારીની સહી, નામ અને હોદો

૨)......................................................

એજન્સીનું નામ/અધિકૃત પ્રતિનિધિનું નામ